# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭
## તારીખ.૧૧–૦૭–૨૦૧૭

વિકેન્દ્રીત જિલ્લા આયોજન સને : ૨૦૧૭/૧૮ અન્વયે જિલ્લા આયોજન કચેરીના પત્ર નં.આયોજન/વિવેક/વહટ/વશી/૭૨૮ તા.૧૦/૦૫/૨૦૧૭ થી ૠણમુકતેશ્વર વોટર વકર્સ તથા નારેશ્વર વોટર વર્કસ કમ્પાઉન્ડ વોલની કામગીરી રૂા.૨૫,૧૫,૭૦૦/– ની મંજુર થયેલ. આ અંગે "સંદેશ" તથા "નયા પડકાર" દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી એન–કોડ શોલ્યુશન મારફતે ઓનલાઈન ભાવપત્રકો મંગાવેલ. ઓનલાઈન સબમીશનની તા.૦૩/૦૬/૨૦૧૭ રાખેલ તથા ફિઝીકલ સબમીશનની તા.૦૭/૦૬/૨૦૧૭ રાખવામાં આવેલ. આ અંગે નીચેની પાર્ટીઓના ડોકયુમેન્ટ નિયત સમય મર્યાદામાં આવેલ.

(૧) જયેન્દ્ર એચ.પટેલ
(૨) પાર્થ વી.એન્જીનીયર
(૩) શકિત કન્સલ્ટન
(૪) સી.વી.મીસ્ત્રી

આ બાબતે આવેલ ફિઝીકલ ડોકયુમેન્ટ ઓપન કરી નગરપાલિકા માન્ય કન્સલ્ટન્ટશ્રી ધર્મેશભાઈ પટેલ પોસે તપાસ કરાવતા તમામ ફિઝીકલ ડોકયુમેન્ટ કોલીફાય થયેલ જે અંગેના પ્રાઈઝબીડ ઓપન કરતા આવેલ ચાર (૪) ભાવપત્રકો પૈકિ સી.વી.મીસ્ત્રીના ભાવ અંદાજીત ભાવથી રૂા.૨૪,૪૨,૩૦૦/– થી ૮.૭૬% ઓછા પ્રમાણે આવેલ છે. આ બાબતે ીક્ષ ને નેગોશીએશન માટે રૂબરૂ બોલાવતા તેઓ ભરેલ ભાવમાં ઘટડવા સંમત નથી. આ સંજોગોમાં નારેશ્વર તથા ૠણમુકેતશ્વરની કામગીરી રૂા.૨૪,૪૨,૩૦૦/– થી ૮.૭૬% સૌથી ઓછા પ્રમાણેના શ્રી ચીમનલાલ વી.મીસ્ત્રીના ભાવ મંજુર કરવામાં આવે છે. આ અંગે સદર કામગીરી વહીવટ મંજુરીની મર્યાદામાં કરવામાં ઠરાવવામાં આવે છે તથા આ અંગે બાકીને પાર્ટીની અર્નેસ્ટમનીની રકમ પરત આપવા મંજુર તથા આ બાબતે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા